# મંદિરમાં ચોરી થશે તો, પોલીસની જવાબદારી નહીં...

## ભગવાનના દાગીના રાત્રે ઉતારી લેવા પોલીસનો આદેશ

તલોદ, તા. ૧૨

હળાહળ કળિયુગમાં ભગવાનની માલમતા સ્વયં સલામત નથી... અને ઘરફોડીયા તસ્કરોથી દેવમંદિરોની માલમિલકત બચાવવા પોલીસ અસમર્થ હોય તેવું તલોદ પોલીસે તલોદના દેવમંદિરોના સંચાલકોને પાઠવેલ લેખીત નોટીસ પરથી ફલિત થાય છે. તલોદ પો.સ.ઈન્સ. અર્જુન ટોળિયાએ દેવ મંદિરોમાં રહેલી ભગવાનની પ્રતિષ્ઠિત પ્રતિમાઓના ચાંદીના છત્રથી માંડીને દર દાગીના વિગેરે રાત્રે ઉતારી લઈ સલામત જગાએ રાખવા સુચના આપી છે. જો તેમ નહિ કરવામાં આવે અને મંદિરમાં ચોરી થશે તો, તેમાં પોલીસની જવાબદારી રહેશે નહિ... તેવા સંદર્ભની નોટિસ પણ પોલીસે આપી છે.

આમ કરીને પોલીસ જાણે કે પોતાની સંનિષ્ઠ જવાબદારીમાંથી છટકી જવા હાથ ઊંચા કરી દઈ, નિઃસ્વાર્થભાવે મંદિરોનું સંચાલન કરતા ટ્રસ્ટીઓ કે મંડળના પ્રમુખ ઉપર જવાબદારી લાદી રહી હોવાનું ટ્રસ્ટીમંડળો અને ભાવિકોના દિલો-દિમાગમાં દુઃખ સાથે ઉદ્‌ભવ્યું છે.

તલોદ પોલીસે તા. ૮-૮-૧૩ના રોજ શ્રીકૃષ્ણ મંદિર-તલોદના સંચાલક મંડળ એવા શ્રી વૈષ્ણવ સમાજ ટ્રસ્ટના પ્રમુખ મહેશભાઈ ઉપાધ્યાયને પણ નોટિસ પાઠવી ઉક્ત સુચના આપી છે. સાબરકાંઠા જિલ્લા પોલીસ અધિક્ષકના હૂકમ અન્વયે આ નોટિસ આપી હોવાનો ઉલ્લેખ કરી તેમાં સ્પષ્ટ જણાવેલ છે કે, 'મંદિરમાં મૂર્તિઓ ઉપર મુકેલ દાગીના તથા ચાંદીના છત્તર અને દાનપેટીમાં રોજેરોજ જમા થતા રૂપિયાને આરતીના સમય બાદ રાત્રીના સમયે ઉતારી લઈ, સલામત જગ્યાએ રાખવા અને તમારા મંદિરમાં સીસીટીવી કેમેરા અથવા સિક્યુરિટી કે ચોકીદાર રાખવા સખ્ત સુચના આપવામાં આવેલ છે. અને જો આપેલ સૂચનાનો અમલ કરવામાં નહિ આવે અને મંદિરમાં કોઈ અનિચ્છનીય બનાવ બનવા પામશે તો તમારી અંગત જવાબદારી રહેશે...!'

દારૂ-જુગારના અડ્ડાવાળાઓને તથા બેફામ બેરોકટોક ટ્રાફિકમાં અવરોધક બનનારા તત્વોને નોટિસ પાઠવીને સુચન કરી શકવામાં નિષ્ફળ રહેલી પોલીસને દેવમંદિરોના ટ્રસ્ટીઓ જ નજરમાં આવ્યા છે ? જ્યાં કાયદો અને સલામતીનો લેશમાત્ર અમલ થતો નથી તેવા સ્થળોએ ખરેખર સુચનાઓની, અમલની અથવા દંડનીય કાર્યવાહીની જોગવાઈની જરૂર છે. ત્યાં કડક થઈને આમ પ્રજા માટે યોગ્ય જવાબદારી અદા કરવાને બદલે દેવમંદિરોના સંચાલક મંડળો ઉપર આમ નોટિસ ફટકારી રાજ્ય સરકારનું પોલીસ તંત્ર પોતાની ફરજ અને જવાબદારીમાંથી છટકી જવાનો શરમિંદો પ્રયાસ કરી રહી હોવાનું ભાવિકોની લાગણીમાંથી ઉદ્‌ભવી રહ્યુંછે.

શ્રાવણ માસ શરૂ થયો હોઈ દેવમંદિરો માટે આવી નોટિસો ફટકારવાની પોલીસને પરડ પડી હોવાનું જાણવા મળેલ છે ત્યારે સહજભાવે પ્રજાને મન સવાલ એવા પેદા થયો છે કે, 'નેતાઓની ફોજની સલામતી માટે રાત-દિવસ આગળ-પાછળ ઘુમતી પોલીસ નેતાઓને પોતાની સલામતી સ્વયં જાળવવા ખાનગી સિક્યોરિટી એજન્સી રાખવા કેમ દબાણ કરતી નથી ? સૂચનાઓ આપતી નથી ?

તસ્કરો, લેભાગુ તત્વો, ચેઈન સ્નેચરો અને ઉઠાવગીરો જેવા તત્વો ઉપર પોલીસની ધાક બિલકુલ રહી નથી. પરિણામે તલોદ પંથકમાં પણ અનેક પ્રકારની ચોરીઓના બનાવો બન્યા છે. જે પ્રતિ સ્વયં પોલીસ અને સરકારે ધ્યાન કેન્દ્રિત કરી પોલીસના સશસ્ત્ર મહેકમાં વધારો કરવાની તાતી જરૂરત જણાઈ રહી છે.

## બાયડ પાસે બાઈક-જીપ વચ્ચે અકસ્માત : ત્રણના મોત

### અકસ્માતમાં બાઈક પર સવાર પતિ-પત્નિ અને કૌટુંબિક બહેનનું ઘટનાસ્થળે મૃત્યુ

હિંમતનગર, તા. ૧૨

સાબરકાંઠા જિલ્લાના બાયડ નજીક આવેલ વાત્રક પાસે આજે સવારના સુમારે બાઈક અને જીપ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં બાઈક પર સવાર બે મહિલા અને બાઈકચાલકનું મૃત્યુ નિપજ્યું હતું. બનાવ અંગે બાયડ પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ધનસુરા તાલુકાના કારોલી ગામના ૪૦ વર્ષીય રહીશ અનવરસિંહ ધૂળસિંહ પરમાર તેમની ૩૫ વર્ષીય પત્ની આનંદીબેન અને ૨૨ વર્ષીય કુટુંબી બહેન ભારતીબેન કાળુસિંહ પરમાર ત્રણેય જણા બાઈક પર સોમવારે કરોલીથી બાયડ જવા નીકળ્યા હતા. દરમિયાન ધનસુરા-બાયડ માર્ગ પર બાયડ નજીક વાત્રક ગામના વળાંકમાં બાયડથી ધનસુરા તરફ આવી રહેલ બોલેરો જીપે સામેથી આવતી બાઈકને ટક્કર મારતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ગંભીર ઈજાગ્રસ્ત બનેલા પતિ-પત્નિ અને કૌટુબીંક બહેનનું ઘટનાસ્થળે જ પ્રાણપંખેરૂ ઉડી ગયુ હતુ. જ્યારે રોડની સાઈડમાં આવેલા ખાડામાં જીપ પડી હતી. તેમાં સવાર બે મુસાફરોને ઈજા થવા પામી હતી. તેમને નજીકની હોસ્પિટલ ખાતે સારવાર અર્થે લઈ જવાયા હતા. બનાવની જાણ બાયડ પોલીસને થતાં તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. અને મૃતદેહોને પી.એમ. અર્થે મોકલી આપી ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.



## પ્રાંતિજ હાઈસ્કૂલમાં રાજય કક્ષાના મંત્રી દ્વારા ખાત મુર્હુત-ભૂમિ પુજન કરવામાં આવ્યું

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ નગરપાલિકા દ્વારા સંચાલિત શેઠ પી.એન્ડ આર. હાઈસ્કુલમાં જિલ્લા આયોજન મંડળની વિવેકાધિન યોજનાની ગ્રાન્ટમાંથી નવિન ૧૦ રૂમોના બાંધકામનું ખાત મુર્હુત ભૂમિ પુજન રાજયકક્ષાના કાયદામંત્રી પ્રદીપસિંહ જાડેજાના હસ્તે યોજાયું હતું. પ્રાંતિજ નગરપાલિકા સંચાલિત હાઈસ્કુલમાં ગત રોજ કાયદા મંત્રી પ્રદિપસિંહ જાડેજાના હસ્તે પાલિકા સંચાલિત સ્કુલના નવા મકાનના બાંધકામનું ખાત મુર્હુત-ભૂમિ પુજન કરવામાં આવ્યું હતું. જેમાં પૂર્વ શિક્ષણ મંત્રી જયદિપસિંહ ચૌહાણ, પૂર્વ ધારાસભ્ય દિપસિંહ રાઠોડ, પૂર્વ તાલુકા પ્રમુખ જયેન્દ્રસિંહ રાઠોડ, પૃથ્વીરાજસિંહ, અશોકભાઈ ભાવસાર, નગરપાલિકા પ્રમુખ ગીરિશભાઈ પટેલ તેમજ મોટી સંખ્યામાં જનમેદની ઉપસ્થિત રહી હતી. તેમજ પ્રાંતિજ ખાતે પ્રાંતિજ વિધાનસભાનું ભાજપનું કાર્યાલય પણ ખુલ્લું મુકવામાં આવ્યું હતું. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

## તલોદ શહેર ખાતે કોંગ્રેસના ધારાસભ્યની આગેવાનીમાં બેઠક મળી

તલોદ, તા. ૧૨

તલોદ તાલુકા-શહેર કોંગ્રેસ સમિતિની એક મિટીંગ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાના અધ્યક્ષ સ્થાને તા. ૧૧-૮-૨૦૧૩ને રવિવારના રોજ ધારાસભ્યના કાર્યાલય તલોદ મુકામે ૩૦૦ થી વધુ કાર્યકરોની હાજરીમાં મળી હતી.

કેન્દ્રની યુ.પી.એ. સરકાર દ્વારા ફૂડ સીક્યુરીટી બીલ પાસ કરવામાં આવે જે અંગે પાકી સમજ તેમજ કાર્યકરોને માહિતી આપવામાં આવી હતી.

કોંગ્રેસ તાલુકા અધ્યક્ષ મંગુભા ઝાલા પ્રથમ પ્રવચનમાં જણાવ્યું હતું કે ગરીબ કલ્યાણ મેળા ગુજરાત સરકાર તરફથી યોજાયા જેમાં ફાળવવામાં આવતાં રૂપિયા હજુ સુધી કોઈને મળ્યા નથી. ગુજરાતમાં શિક્ષણ કથળ્યુ છે. લોકસભા માટે સંગઠન મજબૂત બનાવવા ઉપર ભાર મુક્યો હતો.

ત્યારબાદ અભેસિંહ ઝાલા, રમણભાઈ પટેલ, રંગુસિંહ સોલંકીએ પ્રાસંગિક પ્રવચનો કરી લોકસભામાં કોંગ્રેસનો કોઈપણ ઉમેદવાર આવે તેને જીતાડવા કટીબદ્ધ બનવા જણાવ્યુંહતું. વિવિધ કાર્યકરોએ પણ સંબોધન કર્યુ હતુ.

અધ્યક્ષ સ્થાનેથી તલોદ પ્રાંતિજના કોંગ્રેસના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાએ સૌ પ્રથમ વિજયી બનાવવા સૌનો સાથ મળી રહ્યો તે સર્વેનો આભાર વ્યક્ત કરી જણાવ્યું હતું કે ૧૯૮૫ સુધી કોંગ્રેસનો કોઈ ધારાસભ્ય આ વિસ્તારમાં ચૂંટાયો ન હતો પરંતુ ૨૦૧૨માં પરિવર્તન લાવી કોંગ્રેસને વધુ મતો આપી મને જીતાડી લાવ્યા છો તે ગૌરવની વાત હું ગણુ છુ.

તેમણે વધુમાં ઉમેર્યું કે તલોદ તાલુકાને કોંગ્રેસ 'એ' ગ્રેડનો ડેપો આપ્યો હતો તે સીનવાઈ ગયો છે. આ ડેપો તાલુકાની જનતા, વિદ્યાર્થીઓ માટે આશીર્વાદ રૂપ હતો તે અંગે ઘણા પ્રયત્નો પુનઃ સ્થાપના માટે થયા છે પરંતુ ગુજરાત સરકારનું પેટનું પાણી હાલતુ નથી માટે જનઆંદોલન કરવાનું તાલુકાની જનતાને સાથે રાખી કરવાનું વિચારાયુંછે. તે અંગે ગામેગામ મિટીંગો કરવામાં આવશે. તેમજ હવે આ સરકારના વિદ્યુતબોર્ડ તરફથી વિજળીની બીલ તો ખરુ પણ ડીપોઝીટ લેવા શરૂ કરવામાં આવ્યું છે. ખેડૂતોના ખેતરમાં એક જ વિજ કનેક્શન આપવામાં આવશે તેવું ઠરાવી ખેડૂતો ઉપર પડતા ઉપર પાટુ માર્યુછે. આ માટે પણ જનઆંદોલન કરવાનું વિચાર્યુ છે.

તેમણે વધુમાં ઉમેર્યુંકે કેન્દ્ર સરકારે ગરીમા અને મધ્યમ વર્ગ માટે જથ્થામાં ઘઉં, ચોખા આપવાનું નક્કી કર્યુ છે. હું તાજપુર કેમ્પનો પુલ તુટી ગયો, ખેરોલમાં વાવાઝોડાથી નુકશાન થયુ, ગળશૂંઢાના રોગથી જાનવર મરી ગયાં તે બાબતે મેં ગામેગામ જઈને રૂબરૂ મુલાકાત લીધી છે. હું ગામે ગામ ફરીને પ્રજાના પ્રશ્નો સમજી તેનું નિરાકરણ લાવવાનો પ્રયત્ન કરી રહ્યો છું.

તેમણે સંપૂર્ણ વિશ્વાસથી કહ્યું કે લોકસભામાં આ વખતે હું જીત્યો તેનાથી પણ વધુ મતોથી કોંગ્રેસના લોકસભાના ઉમેદવાર જીતશે. કારણ કે પ્રજા ઉપર મને વિશ્વાસ છે. ગરીબ કલ્યાણ મેળા તેમજ અનેક મેળાઓ યોજી પ્રજાના પૈસાનો દૂરવ્યય કર્યોછે. હવે પ્રજા સાંખી લે તેમ નથી. ગામે ગામ બુથ યોજના થશે. એજન્ટો લોકસભાની ચૂંટણી માટે નિમાશે અને કોંગ્રેસનું સંગઠન છે તેનાથી મજબૂત બનાવાશે.

### ભિલોડા તાલુકાના ખાપરેટા ગામમાં

## પુત્ર-પુત્રી સહિત માતાએ જંતુનાશક દવા પી લેતા ત્રણેયના કરૂણ મોત નિપજ્યું

ભિલોડા,તા.૧૨

સાબરકાંઠા જીલ્લાના ભિલોડા તાલુકાના ખાપરેટા ગામની એક મહિલાએ માસુમ ત્રણ વર્ષનો પુત્ર અને આઠ માસની પુત્રીને જંતુનાશક દવા પીવડાવ્યા બાદ જાતે દવા ગટગટાવી દેતાં માતા, પુત્ર અને પુત્રીનું કરૂણ મોત નિપજતાં ભિલોડા પંથકમાં અનેક ભરવાડ સમાજમાં ઘેરા શોકની કાલીમા પ્રસરી હતી.



ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.ઓ. મગનલાલ નિનામાના જણાવ્યા મુજબ ખાપરેટા ગામની કૌતીબેન ઉર્ફે કવીબેન વસ્તાભાઈ ભરવાડ, રહેવાસી-ખાપરેટા, તા.ભિલોડાની મહિલાને ટી.બી.ની બિમારી હોવાનું ખબર પડતાં મહિલા એકા-એક ગભરાઈ ગઈ હતી. મહિલાને એવો વિચાર આવ્યો કે મને ટી.બી.ની બિમારી છે. હું મરી જઈશ તો મારા છોકરાઓની સાર-સંભાળ કોણ રાખશે ? ત્યારે ઘરમાં જંતુનાશક દવા પડી હતી તે જંતુનાશક દવા ત્રણ વર્ષનો માસુમ પુત્ર મીહીર ભરવાડ અને આઠ માસની પુત્રી પાયલ ભરવાડને જંતુનાશક દવા પીવડાવ્યા બાદ મહિલા કૌતીબેન ભરવાડ આશરે ઉંમર વર્ષ-૩૨ એ જાતે દવા ગટગટાવી દેતા માતા, પુત્ર અને પુત્રીનું કરૂણ મોત નિપજતાં ઘેરા શોકની કાલીમા પ્રસરી હતી.

આઠ માસની માસુમ પુત્રી પાયલ ભરવાડને હિંમતનગર સીવીલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાઈ હતી પરંતુ સારવાર દરમ્યાન પુત્રીનું કરૂણ મોત નિપજ્યું હતું. માતા અને પુત્રની લાશ ભિલોડા સીવીલ હોસ્પિટલમાં પી.એમ.અર્થે લાવ્યા હતા. મેડીકલ ઓફીસરોએ પી.એમ. કરી લાશો પરીવારજનોને સોપતાં ભારે આક્રંદભર્યા દશ્યો સર્જાયા હતા.

ભિલોડા તાલુકાના ખાપરેટા ગામમાં મહિલાએ પુત્ર અને પુત્રીને જંતુનાશક દવા પીવડાવ્યા બાદ જાતે ગટગટાવી દેતાં એક જ ઘરમાં ત્રણ લાશો આવતા અને ત્રણ લાશોને એકી સાથે અગ્નીસંસ્કાર કરાતા ઉપસ્થિત લોકોની આંખોમાંથી અશ્રુંઓની ધારાઓ વહેતી થઈ હતી. ભિલોડા પોલીસ સ્ટેશનમાં સેંધાભાઈ મશરૂભાઈ ભરવાડની ફરીયાદના આધારે ભિલોડા પોલીસ સ્ટેશનમાં ગુનો દર્જ કરાયો છે. પોલીસ ધ્વારા ધારાધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરેલ છે. આ ઘટના સંદર્ભે પી.એસ.આઈ. એમ. ડી. ચંદ્રવાડીયા વધુ તપાસ ચલાવી રહ્યા હોવાનું જાણવા મળેલ છે.

મરણ પામનાર કૌતીબેન ઉર્ફે કવીબેન ભરવાડના લગ્નજીવનના સાત વર્ષના ગાળા દરમ્યાન તેમને બે જ સંતાનો હતા. તેમના પતી વસ્તાભાઈ હુરાભાઈ ભરવાડ રહેવાસી-ખાપરેટા ખાતે ખેતી અને પશુપાલનનો વ્યવસાય કરતા હતા. ખેતી અને પશુપાલનનો વ્યવસાય કરી પરીવારનું ગુજરાન ચલાવતા હતા.



સાબરકાંઠા જિલ્લા રમત-ગમત કચેરી આયોજિત અંડર-૧૪ સુબ્રટો ફુટબોલ સ્પર્ધા તા.૮-૭-૨૦૧૩ના રોજ સેંટ ઝેવિયર્સ સ્કૂલ, હિંમતનગર ખાતે આયોજન કરેલ. જેમાં સેંટ ઝેવિયર્સ સ્કૂલ, હિંમતનગર ૦-૨થી વિજેતા બનેલ છે અને સમગ્ર ટીમ રાજ્ય કક્ષાએ પસંદગી પામેલ છે. રાજ્યમાં પણ ટીમ સારો દેખાવ કરશે તે માટે શાળાના આચાર્યશ્રી ફા. ટેલેસ, વ્યાયામ શિક્ષક રાઠોડ દિલીપ અને ગામેતી નિલેષ અને સમગ્ર શાળા પરીવારે ટીમને અભિનંદન પાઠવ્યા હતા અને રાજ્યમાં પણ સારો દેખાવ કરશે એવી ભાવના દર્શાવી હતી.

## ઉત્તર ગુજરાતના બજાર ભાવો

| | | |
|---|---|---|
| **તલોદ** | | |
| મગફળી | ૬૦૦ | ૮૨૨ |
| મકાઈ | ૩૦૦ | ૩૧૩ |
| એરંડા | ૬૯૩ | ૭૦૦ |
| ઘઉં | ૩૦૮ | ૩૩૫ |
| બાજરી | ૨૧૮ | ૨૯૮ |
| ગવાર | ૯૦૦ | ૯૮૭ |
| ડાંગર જ્યા | ૩૦૦ | ૩૧૩ |
| **સલાલ** | | |
| મગફળી | ૭૨૫ | ૮૫૦ |
| ઘઉં | ૩૦૫ | ૩૩૫ |
| બાજરી | ૨૦૫ | ૨૬૦ |
| ડાંગર જ્યા | ૨૯૫ | ૩૨૫ |
| **ધનસુરા** | | |
| એરંડા | ૬૮૦ | ૬૯૨ |
| મકાઈ | ૨૯૦ | ૩૩૦ |
| ઘઉં | ૩૧૫ | ૩૪૦ |
| બાજરી | ૨૪૦ | ૨૭૩ |
| ગવાર | ૮૦૦ | ૯૮૦ |
| **મોડાસા** | | |
| એરંડા | ૬૯૦ | ૭૦૭ |
| બાજરી | ૨૫૦ | ૨૭૬ |
| મકાઈ | ૨૭૦ | ૩૨૭ |
| ઘઉં | ૩૧૦ | ૩૩૭ |
| મગફળી | ૬૦૦ | ૭૯૧ |
| ગવાર | ૮૦૧ | ૧૦૧૨ |
| **ટીંટોઈ** | | |
| બાજરી | ૨૪૦ | ૨૬૦ |
| મકાઈ | ૨૬૦ | ૨૯૦ |
| ઘઉં | ૩૦૫ | ૩૩૦ |
| મગફળી | ૭૫૦ | ૮૨૦ |
| **દહેગામ** | | |
| બાજરી | ૨૬૫ | ૨૮૨ |
| ઘઉં | ૩૧૬ | ૩૧૮ |
| ડાંગર | ૨૩૦ | ૨૯૦ |
| એરંડા | ૬૯૪ | ૬૯૫ |
| ગવાર | ૮૮૮ | ૯૯૮ |
| મકાઈ | ૨૪૦ | ૨૮૦ |
| તુવેર | ૫૩૦ | ૬૦૦ |
| જુવાર | ૩૦૦ | ૩૮૦ |
| રાયડો | ૫૩૦ | ૫૭૦ |
| **રખિયાલ** | | |
| બાજરી | ૨૬૦ | ૨૮૦ |
| ઘઉં | ૩૦૫ | ૩૧૫ |
| ડાંગર | ૨૨૫ | ૨૮૦ |
| એરંડા | ૬૮૫ | ૬૯૦ |
| ગવાર | ૮૮૦ | ૯૯૦ |
| મકાઈ | ૨૩૦ | ૨૭૦ |
| તુવેર | ૫૨૫ | ૫૮૦ |
| જુવાર | ૨૯૦ | ૩૭૦ |
| રાયડો | ૫૨૦ | ૫૫૦ |
| **હિંમતનગર** | | |
| મગફળી | ૭૦૦ | ૮૪૦ |
| એરંડા | ૬૮૦ | ૭૦૫ |
| ઘઉં | ૩૧૦ | ૩૮૯ |
| બાજરી | ૨૨૦ | ૨૬૬ |
| મકાઈ | ૨૬૫ | ૨૮૦ |
| તુવેર | ૮૮૦ | ૮૯૦ |
| ગવાર | ૭૫૦ | ૧૦૨૦ |
| **ઈડર** | | |
| ઘઉં | ૩૨૦ | ૩૫૭ |
| મકાઈ | ૨૮૦ | ૩૦૦ |
| એરંડા | ૭૦૧ | ૭૦૬ |
| બાજરી | ૨૫૦ | ૨૬૦ |
| મગફળી | ૬૫૦ | ૭૪૯ |
| ગવાર | ૯૨૫ | ૯૩૫ |
| જુવાર | ૩૬૦ | ૩૭૦ |
| **કડી** | | |
| ઘઉં | ૩૦૦ | ૩૩૭ |
| બાજરી | ૨૩૦ | ૨૫૨ |
| જવ | ૨૫૩ | - |
| ગવાર | ૮૦૦ | ૧૦૪૦ |
| એરંડા | ૬૮૫ | ૬૯૨ |
| રાયડો | ૫૭૫ | - |
| **પાલનપુર** | | |
| ઘઉં | ૨૯૫ | ૩૪૯ |
| બાજરી | ૧૯૫ | ૨૮૫ |
| એરંડા | ૬૮૨ | ૬૯૨ |
| રાયડો | ૫૮૮ | ૬૦૫ |
| રાજગરો | ૧૦૬૧ | ૧૧૬૬ |
| મગફળી | ૬૪૬ | ૮૮૫ |
| ગવાર | ૭૪૧ | ૧૦૦૧ |
| **સિદ્ધપુર** | | |
| રાયડો | ૫૯૪ | ૬૧૦ |
| એરંડા | ૬૭૧ | ૭૧૫ |
| ગવાર | ૭૪૧ | ૧૦૪૪ |
| ઘઉં | ૨૭૧ | ૩૬૮ |
| બાજરી | ૧૮૩ | ૨૯૩ |
| જુવાર | ૨૭૧ | ૫૭૯ |
| **વિસનગર** | | |
| ઘઉં | ૩૦૦ | ૩૫૪.૫૦ |
| બાજરી | ૨૦૦ | ૨૯૨ |
| રાયડો | ૫૭૦ | ૬૦૭ |
| એરંડા | ૬૮૦ | ૭૦૬.૫૦ |
| જુવાર | ૨૧૧ | ૫૩૫ |
| ગવાર | ૫૫૦ | ૧૦૨૭ |
| રજકાના બી | ૧૭૦૦ | ૨૬૯૯ |
| **મહેસાણા** | | |
| ઘઉં | ૨૯૩ | ૩૫૯ |
| રાયડો | ૫૮૦ | ૬૧૫ |
| બાજરી | ૨૦૦ | ૨૮૧ |
| ગવાર | ૧૦૨૬ | - |
| રજકાબી | ૧૬૧૬ | ૨૭૯૫ |
| **આંબલીયાસણ** | | |
| ઘઉં | ૩૦૦ | ૩૩૧ |
| બાજરી | ૧૮૫ | ૨૮૮ |
| રાયડો | ૫૯૦ | - |
| એરંડા | ૬૭૪ | ૬૮૭ |
| ગવાર | ૯૨૧ | ૯૩૦ |
| **જોટાણા** | | |
| ઘઉં | ૩૧૦ | - |
| એરંડા | ૬૮૦ | ૬૮૬ |
| રાયડો | ૫૮૦ | ૫૯૦ |
| બાજરી | ૧૮૦ | - |
| ગવાર | ૮૧૫ | ૯૪૧ |
| **હારીજ** | | |
| રાયડો | ૫૯૮ | ૬૧૮ |
| એરંડા | ૬૭૫ | ૬૯૭ |
| સાસટો | ૨૫૦ | ૨૮૦ |
| બાજરી | ૨૨૫ | ૨૫૫ |
| ઘઉં | ૨૯૦ | ૩૩૬ |
| ગવાર | ૮૨૫ | ૧૦૪૫ |
| અડદ | ૪૫૦ | ૫૫૫ |
| ચણા | ૫૨૦ | ૫૮૦ |
| જીરૂ | ૨૧૦૦ | ૨૫૩૧ |
| સવા | ૫૭૦ | ૬૫૦ |
| **કલોલ** | | |
| ઘઉં | ૩૦૦ | ૩૪૫ |
| એરંડા | ૬૯૦ | ૬૯૫ |
| બાજરી | ૨૩૫ | ૨૮૦ |
| રાયડો | ૫૬૫ | ૫૮૦ |
| ડાંગર | ૨૪૫ | ૩૨૦ |
| ગવાર | ૯૦૦ | ૯૭૮ |
| જુવાર | ૩૨૦ | ૩૪૦ |
| **બાયડ** | | |
| એરંડા | ૬૬૫ | ૬૮૫ |
| ઘઉં | ૨૯૦ | ૩૨૫ |
| બાજરી | ૨૪૫ | ૨૭૦ |
| મકાઈ | ૨૫૫ | ૨૮૫ |
| ગવાર | ૭૫૦ | ૯૫૦ |
| **પાટણ** | | |
| જીરૂ | ૨૦૦૦ | ૨૪૦૦ |
| વરીયાળી | ૬૦૦ | ૯૦૦ |
| બંટી | ૩૦૦ | ૩૮૪ |
| રાયડો | ૫૭૦ | ૬૧૬ |
| એરંડા | ૬૫૦ | ૭૦૮ |
| ઘઉં | ૨૯૮ | ૩૮૩ |
| જુવાર | ૨૭૮ | ૩૮૫ |
| બાજરી | ૨૪૦ | ૨૯૦ |
| ગવાર | ૮૦૦ | ૧૦૦૦ |
| **ઉંઝા** | | |
| જીરૂ | ૨૯૩૫ | ૨૭૧૦ |
| વરીયાળી | ૯૭૧ | ૧૮૧૦ |
| ઈસબગુલ | ૧૧૪૦ | ૧૨૮૫ |
| સરસવ | ૬૩૫ | ૬૮૧ |
| રાયડો | ૫૮૫ | ૬૫૬ |
| તલ | ૧૮૦૦ | ૨૩૧૧ |

## ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ સરદાર પટેલ માર્કેટ-અમદાવાદ

| શાકભાજી | ઓછો ભાવ | વધુ ભાવ |
|---|---|---|
| બટાટા પંજાબી | - | - |
| બટાટા દેશી | ૧૪૦ | ૨૫૦ |
| બટાટા ડીસા | ૨૦૦ | ૨૫૦ |
| ડુંગળી સૌરાષ્ટ્ર | ૭૦૦ | ૯૦૦ |
| ડુંગળી મહારાષ્ટ્ર | ૮૦૦ | ૧૦૦૦ |
| રીંગણ | ૩૦૦ | ૬૦૦ |
| રવૈયા | ૩૦૦ | ૭૦૦ |
| કોબીજ | ૪૦૦ | ૬૦૦ |
| ફુલાવર | ૩૦૦ | ૪૪૦ |
| ટામેટા પાકા | ૩૦૦ | ૫૦૦ |
| દૂધી | ૨૦૦ | ૪૫૦ |
| કાકડી | ૨૦૦ | ૪૦૦ |
| ગીલોડા | ૬૦૦ | ૧૦૦૦ |
| મરચાં દેશી | ૩૦૦ | ૮૦૦ |
| લીંબુ | ૧૦૦ | ૩૦૦ |
| આદુ | ૧૦૦૦ | ૧૫૦૦ |
| બીટ | ૨૦૦ | ૩૬૦ |
| ગાજર | ૧૮૦ | ૨૪૦ |
| મરચા ધોલાર | ૧૨૦૦ | ૧૫૦૦ |
| કોથમીર | ૨૦૦ | ૫૦૦ |
| કારેલા | ૩૦૦ | ૫૫૦ |
| ભીંડા | ૩૦૦ | ૭૦૦ |
| ગવાર | ૫૦૦ | ૧૧૦૦ |

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અધતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601